R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 23•ISSUE: 25 DATE:22-06-2019•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## અમેરિકામાં ગેરકાયદેસર વસવાટ કરતાં વિદેશીઓને હાંકી કાઢવા ટ્રમ્પની ધમકી :ઇમીગ્રેશન વિભાગ ગેરકાયદેસર વસાહતીઓને દેશનિકાલ કરવાની પ્રક્રિયાનો આરંભ કરશે

અમેરિકાના પ્રમુખપદની ચુંટણી માટે પુનઃ ઉમેદવારી નોધાવવાની જાહેરાતની સાથે અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં ગેરકાયદેસર વસતા કરોડો લોકોને હાંકી કાઢવાની ધમકી ઉચ્ચારી છે.શ્રેણીબધ્ધ ટ્વિટમાં ડોનાલ્ડ્ ટ્રમ્પે જણાવ્યુ હતું કે અમેરિકાનો ઈમીગ્રેશન અને કસ્ટમ એન્ફોર્સમેન્ટ વિભાગ અમેરિકામાં ગેરકાયેદસર પ્રવેશેલા અને ગેરકાયદેસર રહેતા તમામ વિદેશીઓને દેશનિકાલ કરવાની પ્રક્રિયા આગામી સપ્તાહથી શરુ કરાશે. તેઓ જેવા ઝડપાશે કે તેમને દેશમાંથી હાંકી કાઢવામાં આવશે. ટ્રમ્પ વહીવટીતંત્રના એક વરિષ્ટ અધિકારીએ જણાવ્યુ હતું કે અદાલતો દ્વારા દેશનિકાલના અંતિમ આદેસ અપાયા હોવા છતાં અમેરિકામાં વસવાટ કરી રહેલા ૧૦ લાખથી વધુ લોકોને હાંકી કાઢવા પર સૌપ્રથમ ધ્યાન કેન્દ્રીત કરાશે.

અમેરિકાની કાયદા એજન્સીઓ દ્વારા આ પ્રકારના દરોડાની સામાન્ય રીતે જાહેરાત કરતી નથી. ટ્રમ્પ સરકારના કેટલાક અધિકારીઓ એમ માને છે કે જો આ પ્રકારે દરોડા પાડીને સામુહિક ધરપકડો કરવામાં આવે તો તેની ધારી અસરો પડશે. જે લોકો અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશવા અને વસવાટ કરવા માંગે છે તમને આકરો સંદેશો પાઠવી શકાશે.ડોનાલ્ડ ટ્રમ્પે દેશની દક્ષિણ સરહદેથી મધ્ય અમેરિકામાં સ્થળાંતરીઓના પ્રવાહને રોકવા માટે પ્રયાસો કર્યા છે.તેમણે હવે શ્રેણી બધ્ધ આકરાં પગલાં લેવાની ધમકી ઉચ્ચારી છે. તાજેતરમાં તેમણે મેકસિકોને જકાત લાદવાની ધમકી આપી હતી.૨૦૧૬ના ચુંટણી પ્રચારમાં પણ ટ્રમ્પે ગેરકાયદેસર વસાહતીઓનો મુદો મુખ્ય બનાવ્યો હતો.

અમેરિકાએ ભારતને ફરીએક વાર ધમકી આપતાં જણાવ્યુ હતું કે અમે વિદેશી કંપનીઓને તેમનો ડેટા સ્થાનિક સ્તરે સ્ટોર કરવાની ફરજ પાડતા દેશો માટેના એચ-વનબી વિઝા પર લગામ કસવા વિચારી રહ્યા છીએ. અમેરિકાના વિદેશમંત્રી માઈક પોમ્પીઓ નવી દિલ્હીની મુલાકાતે આવે તે પહેલાંજ અમેરિકા



દ્વારા નવી ચેતવણી ઉચ્ચારવામાં આવી છે.પરિણામે ભારત અને અમેરિકા વચ્ચેના સબંધોમાં તનાવ પ્રવર્તી રહ્યો છે.ઉલ્લેખનીય છે કે ભારતે અમલમાં મુકેલા ડેટા સ્ટોરેજ માટેના નવા નિયમોના કારણે માસ્ટરકાર્ડ સહિતની વિદેશી કંપનીઓ નારાજ છે. ભારત સરકારે લાગુ કરેલા આ નિયમોના કારણે અમેરિકા પણ રોષે ભરાયું ચે.અમેરિકામાં એચ-૧બી વિઝાના સૌથી મોટા લાભાર્થીઓ ભારતીયો જ છે. તેથી અમેરિકાએ ભારતનું નાક દબાવવા માટેનો પ્રયાસ કર્યો છે.અમેરિકાએ ભારતને માહિતી આપી છે કે અમેરિકી સરકાર ભારતીયોને જારી કરાતા એચવનબી વિઝા ૧૫ ટકા જ સુધી મર્યાદિત કરવાની યોજના બનાવી રહી છે.અમેરિકામાં દર વર્ષે ૮૫,૦૦૦ એચવનબી વિઝા જારી કરાય છે. જેમાંથી ૭૦ ટકા વિઝા ભારતીયોને મળે છે.. અમેરિકાની આ યોજના સ્થાનિક સ્તરે ડેટા સ્ટોરેજ ફરજીયાત બનાવીને ડેટા પર વધુ નિયંત્રણ હાંસલ કરવા અને કેપનીઓની સત્તા પર કાપ મુકવાનો પ્રયાસ કર્યો છે. તેથી અમેરીકી કંપનીઓ સમગ્ર વિશ્વમાં આ પ્રકારના નિયમો સામે લડત આપી રહી છે.

અમેરિકા દ્વારા બીજા દેશોના કર્મચારીઓને પોતાને ત્યાં નોકરી કરવાની મંજુરી આપવા માટે આ વિઝા જારી કરાય છે.આ વિઝા હેઠળ કામ કરવાની લીમીટ પહેલાં ત્રણ વર્ષ હતી હવે તેને વધારીને ૬ વર્ષ કરી શકાય છે.ભારતીય કર્મચારીઓ તેનો સૌથી વધારે લાભ લે છે..

ભારતીય કંપનીઓ માટે અમેરિકા સૌથી મોટુ બજાર છે.ભારતીય આઈટી કંપનીઓનું ત્યાં ૧૦ લાખ કરોડ રુપીયાનું બજાર છે. ટીસીએસ અને ઈન્ફોસીસ જેવી આઈટી સેકટરની કંપનીઓ આ વિઝા હેઠળ પોતાના એન્જીનીયર્સ અને ડેવલપર્સને અમેરિકામાં મોકલી આપે છે.

તાજેતરમાં ભારત અને અમેરિકાએ એકબીજાની નિકાસો પર જકાત લાદી છે.પરિણામે તનાવ પેદા થયો છે.ભારતે અમેરિકાની ૨૮ પર ડયુટી લાદી છે.ભારતીય નિકાસોને અપાયેલા વિશેષાધીકારો પાછા લીધા છે.

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

## ભ્રષ્ટ્રાચારી અને લાંચિયા અધિકારીઓ ફરતે ગાળીયો કસવા સરકારે મહત્વના શિક્ષાત્મક પગલાં લીધા

ભ્રષ્ટાચારને નાબુદ કરવાના ઈરાદા સાથે નવી સરકારે લોકોને ગુડ ગર્વનન્સ પુરુ પાડવાના ઈરાદે ભ્રષ્ટ અને લાંચીયા અધિકારીઓ સામે તવાઈ બોલાવી છે. તેના ભાગ રુપે સરકારે કેટલાક અધિકારીઓ સામે સખ્ત શિક્ષાત્મક પગલાં લીધા છે. આવા આરોપ સર ૧૫ જેટલા કસ્ટમ અને એકસાઈઝ અધિકારીઓની તત્કાળ હકાલપટ્ટી કરવામાં આવી છે.આ અધિકારીઓને ફરજીયાત નિવૃત કરી દેવાયા છે. પ્રિન્સીપાલ કમિશ્નર અને આસી.કમિશ્નર સહીતના અનેક અધિકારીઓને સંકજામાં લેવામાં આવ્યા છે.જેમને બરતરફ કરાયા છે તેવા અધિકારીઓ સામે ભ્રષ્ટાચાર આચરવાના અને લાંચ લેવાના આક્ષેપો હતાં. આ અગાઉ ૧૨ ભ્રષ્ટ ઈન્કમટેક્ષ અધિકારીઓને પદભ્રષ્ટ કરાયા હતા. જેમાં ૪ જોઈન્ટ કમિશ્નર કક્ષાના આઈટી અધિકારીઓ સામેલ હતા.આ અધિકારીઓ સામે લાંચ રુશ્વત,હપ્તા વસુલી અને ખંડણી અને મહિલા અધિકારીઓના યૌનશોષણ સહિતના આરોપો હતા.

સરકારે લીધેલા પગલાં આવકારદાયક છે પરંતુ જે ઉઘાડેછોગ લાંચ લેવાતી હતી તેના બદલે હવે તેના તરીકાઓ બદલાશે. જેમ કહેવત છે કે ‘ઊંટે કર્યા ઢેકા તો માણસોએ કર્યા કાઠા’ સરકારના તમામ સ્તરે ભ્રષ્ટાચાર વ્યાપક પ્રમાણમાં છે.કોઈ ખાતું એવું નથી રહ્યું કે ત્યાં લાંચ ભ્રષ્ટાચારનું ચલણ નથી. જો કે તેમાં નાગરિકોનો પણ ભરપુર સાથ હોય છે.તેથી બેઉ તબક્કે સરકારે ભારે કામગીરી કરવી પડશે.

જો કે ઈન્ડીયન રેવન્યુ વિભાગના વરિષ્ઠ અધિકારી તથા રેવન્યુ અધિકારી એસોસીયેશનના પ્રમુખ અનુપકુમાર શ્રીવાસ્તવે આ ફરજીયાત નિવૃત્તિ સામે આક્રોશ વ્યકત કરતાં કહ્યુ હતું કેતાકીદે લેવાયેલો નિર્ણય બદઈરાદાથી પ્રેરિત છે.તેમણે જણાવ્યુ કે વિજિલન્સની ચકાસણી બાદ મારી ફાઈલ યુપીએસસી પાસે ગઈ હતી. જેથી મને ચીફ કમિશ્નર તરીકે બઢતી આપવામાં આવે.ડિસેમ્બર૨૦૧૮માં આ અંગે પ્રક્રિયા હાથ ધરાવાની હતી. પરંતુ તે અટકાવીને આ પ્રમોશન અરજીને પરત ખેચીને મને નિવૃત્ત કરવાના આદેશ અપાયા છે જે સ્પષ્ટ જણાવે છે કે આ બધું જ બદઈરાદા અને અંગત અદાવતના આધારે થઈ રહ્યું છે.

## એક દેશ, એક ચુંટણીને દેશમાં લાગુ પાડવાની દિશામાં મોદી સરકારે કમર કસી

દુનિયાના ૧૦ દેશોમાં પ્રચલિત એકદેશ,એક ચુંટણી ભારતમાં અમલી બનાવવા માટે કેન્દ્ર સરકારે હવે કમર કસી છે.મોદી સરકારે એક દેશ, એક ચુંટણી અભિગમને દેશમાં લાગુ પાડવાની દિશામાં કાર્યક્રમ ચાલુ કરી દીધો છે. વડા પ્રધાને આ મુદ્દે ચર્ચા કરવા માટે સર્વપક્ષીય બેઠક બોલાવી હતી.બેઠકમાં આ મુદ્દે કમિટી બનાવવાની વાત કરવામાં આવી છે. એક નિશ્ચિત સમયમાં તે કમિટી આ બાબતે સુચનો આપશે.અને તેના આધારે આગળની રણનીતિ તૈયાર કરવામાં આવશે.મોટાભાગના પક્ષો એક દેશ અને એક ચુંટણીની તરફેણમાં છે.સીપીએમને મતભેદ હતો પરંતુ તેણે વિરોધ કર્યો નથી. ૪૦ પક્ષોને બેઠકનું આમંત્રણ અપાયું હતું તેમાંથી ૨૧ પક્ષો હાજર રહ્યા હતા.જ્યારે ૧૪ પક્ષોએ બેઠકનો બહિષ્કાર કર્યો હતો.જેમાં કોગ્રેસ, સપા,બસપા,શિવસેના, ડીએમકે, ટીડીપી અને ટીએમસી સહિત ૧૪ પક્ષો બેઠકમાં હાજર રહ્યા નહોતા.ડાબેરી નેતા સીતારામ યેચુરી હાજર રહ્યા હતા પરંતુ તેમણે એક દેશ એક ચુંટણીનો વિરોધ કર્યો હતો.બેઠકનો બહિષ્કાર કરનારા બસપા અને ટીએમસીએ કહ્યુ હતું કે જો ઈવીએમના મુદા બાબતે મીટીંગ બોલાવી હોત તો તેઓ હાજર રહ્યા હોત,તેમણે કહ્યુ હતું કે લોકશાહી દેશમાં ચુંટણીની કોઈ સમસ્યા હોતી નથી.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**

**http://jagadishchristian.com**

ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ઈરાન અમેરિકા વચ્ચેના સબંધોમાં પડેલી દરાર અને તાજેતરમાં બનેલી ઘટનાને કારણે વિશ્વમાં તંગદીલી વ્યાપી ગઈ છે.અમેરિકાના શક્તિશાળી ડ્રોનને તોડી પાડવા અને તેની ભરપુર જાહેરાત કરતાં ઈરાન પર અમેરિકા ગુસ્સે ભરાયું છે.પરિણામે અમેરિકાના પ્રમુખે ઈરાન પર હુમલો કરવાનો મનસુબો બનાવ્યો,ઓર્ડર પણ આપી દીધા બાદ છેલ્લી ઘડીએ તેને રદ કરવામાં આવ્યા. જો કે થોડીક વાર થઈ હોત તો આખા વિશ્વને યુધ્ધની અસરો પડી શકત.ઈરાન-અમેરિકા વચ્ચે યુધ્ધ થાય તો બેઉ દેશો એકબીજા ઉપર પુરી તાકાતથી તુટી પડવાના હતા.વિવિધ પ્રકારના શસ્ત્રો વપરાત અને અસંખ્ય લોકોની ખુવારી થાત તે અલગ. આખા વિશ્વમાં ભારે મંદીનો અહેસાસ થાત અને કેટલાય દેશોની વિકાસ ના પાટા પર ચઢેલી ગાડીઓ પાટા પરથી ઉતરી જાત.અને આ બધુ પાછું સરખું થતાં તો વર્ષો નીકળી જાત. જે નિકંદન નિકળી ગયું તે ફરીથી સજાવવા માટે આકરી મહેનત કરવી પડે.ઈરાને અણુશસ્ત્રો વાપરવાની પણ પોતાની હિંમત પ્રગટ કરીને અમેરિકાને ધમકી આપી હતી.પરમાણુ યુધ્ધના કારણે અનેક દેશો તેની ઝપટમાં આવી જાય. હજુ સુધી નાગાસાકી અને હિરોશીમા પર થયેલા બોમ્બમારાને કારણે થયેલા નુકશાનનું વળતર હજુ સુધી ભરપાઈ થઈ શક્યું નથી.વિશ્વ શાંતિ માટે પ્રયાસ કરનારાઓની કમી વર્તાઈ રહી છે.

હાલમાં ચારેબાજુ લડાકુ નેતાઓ અને ચુંટણી જીતવા માટે પડકારા અને લડાઈ કરવી પડે તેવા હાકલા અને નિર્ણયો લેવામાં પાછી પાની થતી નથી. વિશ્વને શાંતિની જરુર છે.માનવતાની મહેક પ્રગટતી રહે તે જોવુ જરુરી છે.નજીકના ભવિષ્યમાં અમેરિકાના પ્રમુખની ચુંટણીઓ આવી રહી છે. ટ્રમ્પે ચુંટણીમાં પોતે ઉમેદવાર છે અને તેમને જીતાડવા માટે પ્રજાની લાગણીઓ સાથે રમવાનું શરુ કરી દીધું છે. બેરોજગારી અટકાવવા, વિદેશીઓને ભગાવવા,અન્ય દેશોની આયાત પર ભારે જકાત નાંખવી, યુધ્ધ જેવી બાબતોનું નિર્માણ કરવું વિગેરે તેમની ચુંટણીનો એજન્ડા પ્રગટ થઈ રહ્યો છે. આપણે તેમાંથી હાલ બહાર આવ્યા છે.પરંતુ આ બધા પાછળ રાજકારણીઓનો નીજી સ્વાર્થ છે.સામાન્ય નાગરિકો બેહાલ બને છે અને નુકશાની ભોગવે છે.

## મંતવ્ય

નાદારી નોધાવી ચુકેલી અનિલ અબાણીની રિલાયન્સ કોમ્યુનીકેશન લી.ની વ્હારે કોણ આવશે.ચીની બેન્કોએ અનિલ અંબાણી પાસે ૨.૧ અબજ ડોલર લેણાની માંગણી કરી છે.ચાઈના ડેવલપમેન્ટ બેન્ક,ઈન્ડસ્ટ્રીયલ એન્ડ કોમર્સ. બેન્ક ઓફ ચાઈના અને એક્ઝીમ બેન્ક ઓફ ચાઈના સહિતના ચીની ધિરાણદારોએ અનિલ અબાણી પાસે ૨.૧ અબજ ડોલર એટલે રુ.૯૮૬૦ કરોડનુ ધિરાણ કર્યુ છે તે ચુકવવા માંગણી કરી છે. આ પહેલા એરિકસન કંપનીના બાકી નિકળતા લેણા ૮૦ મીલીયન ડોલરની ચુકવણી તેમના ભાઈ મુકેશ અંબાણી તરફથી કરવામાં આવી જેને પરિણામે અનિલ અંબાણી જેલમાં જતાં બચ્યા હતા.હાલમાં રિલાયન્સ કોમ્યુનીકેશન માટે રુ. ૫૭,૩૮૨ કરોડનું બાકી લેણું નીકળે છે.

ખરેખર જો આ માણસ દેવાળીયો હોય તો તેની જાણકારી સરકાર પાસે હોવી જરુરી છે. એક એક વ્યક્તિની ઝીણામાં ઝીણી બાબતો મેળવવામાં પાવરધી મોદી સરકાર ક્યાં માર ખાઈ ગઈ કે તેમણે રફાલ સોદામાં અનિલ અંબાણીની કંપનીને સામેલ કરી દીધી કે જે હજુ સુધી ચાલુ થઈ નથી.બારોબાર ૩૦,૦૦૦ કરોડનું ચુકવણી તેના ખાતામાં કરવાના વહેતા થયેલા સમાચારોમાં તથ્ય હોય તો કંઈક ખોટુ થયાનો અહેસાસ થઈ રહ્યો છે. પરંતુ હવે આ કૌભાંડ બહાર આવવું મુશ્કેલ છે.કારણે 'મામાનુ ઘર,મા પીરસનારી અને ખાનારા દીકરાઓ પછી બાકી શું રહે'. છેવટે અનિલ અંબાણીનું નામ દેશના અબજોપતિમાંથી ભુંસાઈ જશે.

રમણિકભાઈ પી. વ્યાસ


## જાહેર ખબરના ભાવ

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઈપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# સૌરાષ્ટ્ર અને કચ્છ પર 'વાયુ' વાવાઝોડું ખતરનાક બને તેવી શક્યતાઓ સામે સરકારના વળતાં પગલાં



અરબી સમુદ્રમાંથી ઉઠેલું 'વાયુ' વાવાઝોડું વધુ ખતરનાક બન્યું છે.વાવાઝોડું વેરાવળ-દીવને બદલે પોરબંદર, દ્વારકા પણ ત્રાટકવાની સંભાવના છે. વાવાઝોડાની ગતિ ૧૫૦થી ૧૭૦ કીં.મી હશે તેવી આગાહી કરવામાં આવી હતી. ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન અને વરસાદ પડ્યો હતો.ગુજરાત સરકાર સતત સ્થિતિની સમીક્ષા કરી રહી છે. જ્યારે ભારત સરકાર પણ ગુજરાત સરકાર સાથે સતત સંપર્ક જાળવીને માર્ગદર્શન આપી રહી છે. અગમચેતીના પગલે સૌરાષ્ટ-કચ્છની ૪૦ થી વધુ ટ્રેનો રદ કરી દેવાઈ છે.વાવાઝોડાની ગંભીરતાને લક્ષમાં લઈને સરકારે ત્રણેક લાખ લોકોનું સ્થળાંતર કરવા માટેના તાત્કાલિક પગલાં અમલમાં મુક્યા છે.કાંઠા વિસ્તારના ૪૦૮ જેટલા ગામડાઓ વાવાઝોડાની ઝપટમાં આવી શકે છે.પાંચ લાખ જેટલા ફુડ પેક્ટસની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.પીવાના પાણીના પાઉચની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.તમામ સરકારી ખાતાઓમાં હાઈ એલર્ટ આપવામાં આવ્યો છે જેથી તાકીદની કોઈપણ પરિસ્થિતિને પહોચી વળવા સરકાર સક્ષમ બને.

# બજેટ ખાધનું લક્ષ્યાંક હાંસલ કરવા માટે મોદી સરકારે આંકડામાં હેરાફેરી કરી

સેન્ટર ફોર મોનટરિંગ ઈન્ડીયન ઈકોનોમી(સીએમઆઈઈ)એ મે મહિનામાં આર્થિક પર્ફોમન્સની સમીક્ષાના આધારે જણાવવામાં આવ્યું છે કે મોદી સરકારે અંદાજપત્રીય ખાધનુ લક્ષ્યાંક બજેટ મેનેજમેન્ટ દ્વારા નહીં પરંતુ આંકડાના ખેલ કરીને હાંસલ કર્યુ છે. સમીક્ષામાં જણાવવામાં આવ્યુ છે કે કેન્દ્ર સરકારે અંદાજપત્રીય ખાધ જીડીપીના ૩.૪ ટકા સુધી સીમીત રાખવાનું લક્ષ્યાંક આંકડાના ખેલ દ્વારા હાંસલ કર્યુ હતું.

ફેબ્રુઆરી ૨૦૧૯ સુધી ભારત સરકારની અંદાજપત્રીય ખાધ ૮.૫ લાખ કરોડ રુપીયા હતી જે માર્ચ ૨૦૧૯માં ૨.૧ લાખ કરોડ સરપ્લસ કરાઈ હતી. સીએમઆઈઈએ જણાવ્યુ હતું કે અર્થતંત્રની સ્થિતિ ખરાબ હોવાના કારણે સરકારના મૂડીગત ખર્ચ(કેપેક્સ)માં વધારો થવાની કોઈ શક્યતા જણાતી નથી. ૨૦૧૯-૨૦ના નાણાંકીય વર્ષમાં ભારતીય અર્થતંત્રનો વિકાસ દર ૭ ટકા રહી શકે છે. પરંતુ મુડીરોકાણની માંગમાં ઘટાડો થશે.ભારત સરકારે મેનેજમેન્ટ દ્વારા નહી પરંતુ આંકડાના ખેલ દ્વારા હાંસલ કર્યુ છે. મોદી સરકારે આંકડાની બાજીગરી દ્વારા લક્ષ્યાંકો પ્રાપ્ત કર્યાનો દેખાવ કર્યો છે.પરંતુ સ્થિતિ તેનાથી વિપરિત છે. આગામી સમયમાં મોઘવારીમાં વધારો થશે.જોકે ફુગાવાનો દર આરબીઆઈના ૪ ટકાના લક્ષ્યાંક કરતાં ઓછો રહેવાની સંભાવના છે. ૨૦૧૯-૨૦ માટે સીએમઆઈઈની ચેતવણીઓ મુજબ સરકારના મુડીગત ખર્ચમાં વધારો થવાની કોઈ સંભાવના દેખાતી નથી. જીડીપી વૃધ્ધિદર ૨.૭ ટકાની આસપાસ રહેવાની સંભાવના છે. મુડી રોકણની માંગમાં ઘટાડો જોવા મળશે.એફડીઆઈમાં નજીવો વધારો થશે.રિટેલ મોંઘવારીમાં વધારો થશે.નિકાસમાં વધારો થવાની કોઈ સંભાવના નથી.સરકારના ચાલુ ખાતાની ખાધ બે ટકા રહેવાની સંભાવના છે.

મોટાભાગના આંકડાઓમાં હેરાફેરી થયાના આરોપો સરકાર પર લાગી ચુક્યા છે. વિકાસના વાતો કરવામાં આવા ફેરબદલ થયા કરે


## જાહેરાત માટે સંપર્ક કરો

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોંચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386



સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

## કેર કોમ્પ્યુટર સેન્ટર

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજ્જવળ ભવિષ્ય બનાવો.

હેડ ઓફિસ :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

બ્રાન્ચ ઓફિસ : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કુલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧



## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.

parmar_kanu2002@yahoo.co.in

http://jagadishchristian.com/

Conact No.0091 9824489344, (R)0091-2692-260332

# ધીરજના ફળ મીઠા કે માઠા ?

કહેવતો અને રૂઢિપ્રયોગોમાં વ્યક્ત થતા વિચારોમાં અનુભવોનો અર્ક હોય છે.કોઈ હકીકત કે વિચાર સમજાવવા માટે એક લાંબો લચ નિબંધ લખવો પડે તેમ હોય ત્યાં ત્યારે કહેવત કે રૂઢિપ્રયોગ એક વાકયમાં બધું સમજાવી દે છે. આથી જ કોમનમેનને કહેવત જાણવાની, સમજવાની કે કહેવાની ઓર મજા આવે છે.ક્યારેક એવું બને કે,બે કહેવતો પરસ્પર વિરોધાભાસી હોય ત્યારે સ્વાભાવિક રીતે જ કોમનમેનના મનમાં દ્રિધા પેદા થાય છે.દાખલા તરીકે, બોલે તેના બોર વેચાય,અને ન બોલ્યામાં નવ ગુણ.જો કે આવી દ્વિધાભરી કે હેમલેટની જેમ ટુ બી ઓર નોટ ટુ બી, જેવી સ્થિતિ કોમનમેનના જીવનમાં વારંવાર આવતી હોય છે.તેથી કોમનમેન એમાંથી રસ્તો કાઢવાનો પ્રયત્ન કરી લે છે.આવી એક કહેવત : ધીરજના ફળ મીઠા( જો કે ટાઈપ સેટ કરવામાં મીઠા ને બદલે માઠા થઈ જાય તો ,અર્થનો અનર્થ થવાની સો ટકાની ખાતરી આપવામાં ખોટા પડવાની એક ટકાની પણ સંભાવના નથી.)પ્રશ્ન એ તો ખરોજ કે ધીરજના ફળ મીઠા કે માઠા ?

અમેરિકાના શિકાગોની ગ્રેજ્યુએટ સ્કુલ ઓફ બીઝનેસ જે તેના દાતા ડેવીડ બુથના નામથી શિકાગો બુથ નામે ઓળખાય છે.શિકાગો બુથ ના અર્થશાસ્ત્રી યુજીન ફામાને અર્થ શાસ્ત્રના નોબેલ પારિતોષિકના ત્રણમાંના એક વિજેતા જાહેર કરાયા છે.આ શિકાગો બુથના સંશોધક એપલેટ ફિશબેશના અભ્યાસ દ્વારા ધીરજના ફળ મીઠા કહેવતને વૈજ્ઞાનિક આધાર સાંપડ્યો છે.આ અભ્યાસ મુજબ જો કોઈ બાબતમાં રાહ જોવાની આદત હોય તો તે લાભદાયક પુરવાર થઈ શકે છે કારણકે આ પ્રકારની આદતથી વ્યક્તિની ધીરજવૃત્તિમાં વધારો થાય છે. પરિણામે ખાસ કરીને આર્થિક બાબતો અંગેના નફાકારક કે લાભદાયી નિર્ણયો લઈ શકે છે. ધીરજ અંગેની આ ઐતિહાસિક મુલવણી લોકો સમક્ષના ટુંકા ગાળાના અને લાંબા ગાળાના વિકલ્પોને નજર સમક્ષ રાખીને કરાઈ હતી.વ્યક્તિ વર્તમાન સમયનું મુલ્યાંકન પ્રમાણમાં વધુ કરે છે જયારે ભવિષ્યના મુલ્યાંકનની અવગણના કરે છે.તેવી માન્યતા છે. પણ ખરેખર,જો વ્યક્તિ નિર્ણય લેવામાં ધીરજ રાખે, પ્રતિક્ષા કરે તો વળતર વધુ મુલ્યવાન બને છે.એવું તારણ ફીસબેશે સંશોધન પછી કાઢ્યું છે.ફિશબેશ અને તેમના સાથી ઝીઆની દાઈએ ધીરજના અતિ મુલ્યવાન હોવાના આ નિર્ણય પર પરિક્ષણ કરવા માટે ચીન, હોંગકોંગ અને અમેરિકામાં સંખ્યાબંધ પ્રયોગો કર્યા હતા.શિકાગોની બુથ સ્કુલ બિઝનેસના અર્થશાસ્ત્રીને અર્થશાસ્ત્રનું નોબેલ પારિતોષિક મળે તેનો કોમનમેનને નવાઈ નથી લાગતી કારણકે ધીરજ વિશેની તેમની શોધને કારણે કોમનમેનને ધીરજપુર્વક કોઈપણ બાબતમાં નિરાં તે શ્વાસ લેવાની સગવડ થઈ છે.જો કે અર્થશાસ્ત્રી યુજીન ફામાએ અર્થશાસ્ત્રના જે સિંધ્ધાંતોની ચર્ચા માટે અન્યોને પુરસ્કરાર પ્રાપ્ત થયો પણ યુજીન ફામાને નોબેલ પુરસ્કાર માટે દશ વર્ષોથી વધુ સમય ધીરજમાં વીતાવવા પડ્યા હતા.ધીરજના ફળ મીઠા તે આને કહેવાય. એ કહેવત તેમના માટે સાછી અને સફળ પુરવાર થઈ છે એમ કોમનમેન માને છે.

ધીરજના ગુણ આર્થિક રીતે જ ફાયદા કારક છે તેવું નથી.સામાજિક દષ્ટિએ પણ ધીરજનો ગુણ ધૈર્યવાનને ઉપયોગી થાય છે.મિશિગન સ્ટેટ યુની.ના સંશોધકોએ એક અભ્યાસ બાદ એવું સિધ્ધ કર્યું છે કે લગ્ન લાંભા ગાળા સુધી હતાશા અને દુઃખ સામે રક્ષાણ આપે છેકારણકે લગ્નથી ધીરજના ગુણનો વિકાસ થાય છે. કોમનમેન તો, એટલે સુધી કહેવાત તૈયાર છે કે લગ્ન દ્વારા ધીરજના ગુણની કસોટી થાય છે. આ સંશોધન મુજબ અપરણીત, વાંઢા કરતાં પરિણીત વ્યક્તિ હતાશાને પહોચી વળવા વધુ સક્ષમ હોય છે.બ્રિટનના જાણીતા અખબાર ડેઈલી મેઈલે આ અભ્યાસના તારણ ટાંકી જણાવ્યું છે કે સરેરાશ લોકો લગ્ન કર્યા બાદ વધારે ખુશ હોય છે. કુંવારાપણામાં જે ખુશી હોય છે તેના કરતાં લગ્નજીવનમાં વધુ ખુશી હોય છે. એ તે પણ લાંબાગાળાની. અમેરિકન સંશોધકો જણાવે છે કે તે મુજબ પરિણિત કેન્સરના દર્દીઓ અપરિણીત દર્દીઓની તુલનામાં વધુ જીવે છે.વાસ્તવમાં કેટલ ાક પ્રકારના કેન્સરમાં કેમોથેરપી કરતાં પરિણીત હોવું એ વધુ અકસીર ઈલાજ પુરવાર થાય છે.એમ બોસ્ટનના હાવર્ડ મેડિકલ સ્કુલના ડોકટર એથલ આઈજરે જણાવ્યું હતું.પરણિત દર્દીઓના કેન્સરના પ્રારંભિક તબક્કામાં જ નિદાન થઈ જવાથી રોગનો સમયસર યોગ્ય ઈલાજ થઈ જાય છે.જે દર્દીના આયુષ્યને લંબાવવામાં મદદરુપ થાય છે.તેમના આ અભ્યાસ પરથી એ પ્રસ્થાપિત થયું છે કે ફેફસાં, સ્તન, પ્રોસ્ટેટ,લીવર અને ગર્ભાશય જેવા કેન્સરમાં લગ્ન વ્યક્તિન લાંબા સમય સુધી જીવવામાં મદદરુપ બને છે.લગ્નને કારણે મળનારી સામાજિક મદદ લોકોને આ બિમારીમાંથી બહાર લાવવામાં મદદ કરે છે.કેન્સરની સારવારમાં કેમોથેરાપી કરતાં લગ્ન વધુ અસરકારક હોય છે.આંકડાકીય છેતરપીડીં કરવી હોય તો કહેવાય કે પ્રત્યેક એક ૧૦૦૦ હજાર પરણેલી વ્યક્તિએ માંડ એક વ્યક્તિને કેન્સર થાય છે.

આ સંશોધનોના આધારે લગ્ન લક્કડ કા લાડુ, ખાય વો ભી પછતાય અને નખાય વો ભી પછતાય. એ કહેવતનો શો બોધ લેવો કે ગુઢાર્થ સમજવો એ તારવવામાં સ્વાભાવિક રીતે જ કોમનમેન ગુંચવાઈ જાય ને નિષ્ફળ જાય છે. લાડુ એ પછી તિરુપતિ મંદિરના હોય કે સ્વામીનારાયમ મંદિરના, સ્વાદિષ્ટ જ લાગે.પણ લગ્ન નામક લાડુ, વિશે તો માત્ર ધાર્મિક જ નહી ,તમામ ક્ષેત્રોમાં વાદવિવાદ છ. તેની કોમનમેનને વારંવાર પ્રતિતી થાય છે.આ વાદ વિવાદનો પુરાવો નેશનલ ક્રાઈમ રેકોર્ડસ બ્યુરોના ૨૦૧૨ના અહેવાલમાંથી મળ્યો.આ અહેવાલની વિગતો શિકાગો જુથ ના તારણોથી અલગ છે.કદાચ એવું હોય. બ્યુરોના ૨૦૧૨ના અહેવાલ મુજબ લગ્ન જીવનમાં ધીરજના અભાવે સહનશક્તિના અભાવે કે અન્ય કારણોસર પેદા થતા તનાવનું પ્રમાણ વાંઢા કરતાં માંડેલામાં ગુજરાતમાં વધારે છે.આ તનાવની સંખ્યા ગુજરાતમાં પરિણીતોમાં ૪૫૦ હતી .જ્યારે અપરણિતોમાં ૧૬૨૫ હતી. જ્યારે ધરભંગ (વિધુર-વિધવા)માં ૩૧૪, છુટાછેડા લીધેલામાં ૧૧૦ અને છુટા પડી ગયેલામાં ૧૧૧ હતી. ધીરજ ગુમાવવાના જુદા જુદા કારણો આ પ્રકારે હતા. સબંધોમાં નિષ્ફળતા (૧૨૩)કૌટુંબિક પ્રશ્નો (૧૨૨૯), પ્રેમમાં નિષ્ફળતા (૨૭૮), બોરોજગારી(૨૨૪),માંદગી (૯૯૧). આ અને આવા કારણોથી ધીરજ ગુમાવવાનું સાહસ કરતાં પ્રત્યે સકારણ સહાનુભુતિની લાગણી જન્મે. સૌથી વધુ ચિંતાનો વિષય કોમનમેનને એ લાગે છે કે ધીરજના અભાવનું સૌથી વધુ પ્રમાણ ૧૫ થી ૨૯ વર્ષના વયજુથમાં (૨૮૦૦) કિસ્સા હતા.૩૦ થી ૪૮ વયજુથમાં (૨૪૩૨),૪૫-૪૯ના વયજુથમં (૧૩૩૧)અને ૫૦ થી વધુ વયજુથમાં ૪૩૮ કિસ્સાઓ હતા. જેમ જેમ વ્યક્તિની ઉંમર વધતી જાય તેમ ડહાપણ પણ વધતું હશે તેથી ધીરજનો અભાવ ઘટતો જાય અને ધીરજનું પ્રમાણ વધતું જાય એ આ આંકડા પુરવાર કરે છે.આ વિગતોની જાણકારી પછી વરિષ્ઠ નાગરિકો યુવાનોને એક કહે તે સ્વાભાવિક છે.મુજ વીતી તુજ વીતશે ધીરી બાપુડીયા. વૃધ્ધાશ્રમોની વધતી સંખ્યા અને યુવાનોમાં ધીરજના અભાવના આંકડા. આ બે ફલિતાર્થો સૌને સમજાય એવી કોમનમેન પ્રાર્થના કરે છે. લેખકઃ હસમુખ પટેલ

()સૌ.સંદેશ)


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...

ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદન વ્યાજબી ભાવે મળશે.

અમી સર્જીકલ

૧૩,સહયોગ પાર્ક -૧,ન્યુ ગામડી રોડ,આણંદ.૧

જય ક્રિશ્ચિયન મો.:૯૮૨૪૩૬૨૪૬૨-૮૨૩૮૦૦૧૯૮૯


# ગ્લોબલ પીસ ઇન્ડેક્સ-૨૦૧૯માં ભારત પાંચ ક્રમે નીચે ધકેલાઇ ૧૪૧માં ક્રમે પહોચ્યો



ગ્લોબલ પીસ ઈન્ડેક્સ ૨૦૧૯નો રિપોર્ટ ભારત માટે ચોકાવનારો છે. ગ્લોબલ પીસ ઈન્ડેક્સ-૨૦૧૯ના તાજેતરના રિપોર્ટ અનુસાર ભારત પાંચ ક્રમ નીચે ધકેલાઈ ગયું છે. અને છેક ૧૪૧માં ક્રમે પહોચ્યું છે.ગ્લોબલ પીસ ઈન્ડેક્સ -૨૦૧૯માં ૧૬૩ દેશોને સામેલ કરવામાં આવ્યા હતા. આ રિપોર્ટ અનુસાર વિશ્વના સૌથી પીસફુલ દેશ તરીકે આર્યલેન્ડ પ્રથમ ક્રમે છે. જ્યારે તાલિબાનોના યુધ્ધનો સામનો કરી રહેલું અફઘાનિસ્તાન સૌથી નીચેના ક્રમે છે. એટલે કે ૧૬૩માં ક્રમે છે. ઓસ્ટ્રેલીયન થિક ટેન્ક ઈન્સ્ટિટ્યુટ ફોર ઈકોનોમિક એન્ડ પીસના રિપોર્ટ અનુસાર દેશમાં શાંતિની રેન્ક નક્કી કરવા માટે ત્રણ માપદંડો નિર્ધારિત કરાયા છે. જેમાં સામાજિક સુરક્ષાનું સ્તર, આંતરિક અને આંતરરાષ્ટ્રીય સરહદ વિવાદ અને મિલિટ્રેએશન સામેલ છે.

સૌથી મહત્વની બાબત એ છે કે આઈસલેન્ડ ૨૦૦૮ થી સૌથી પીસફુલ(શાંતિપુર્ણ) દેશ તરીકે પ્રથમ સ્થાન પર છે. આ ઉપરાંત ટોપના પીસફુલ દેશોમાં ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રીયા, પોર્ટુગલ અને ડેનમાર્ક ને પણ ગ્લોબલ પીસ ઈન્ડેક્સમાં સમાવેશ કરાયો છે. જ્યારે સીરીયાને પાછળ ધકેલીને અફઘાનિસ્તાન વિશ્વનો સૌથી ઓછી શાંતિ ધરાવતો દેશ છે.સાઉથ એશિયામાં આવેલા અને ભારતના પાડેશી ભુતાન શાંતિના મામલે ટોપ-૧૫ દેશોમાં સામેલ છે.ત્યારબાદ શ્રીલંકા ૭૨માં નંબર પર છે. નેપાળ ૭૬માં ક્રમે છે. અને બાંગલાદેશ ૧૦૧માં ક્રમે છે.ભારત અને પાકિસ્તાન વચ્ચે શાંતિના મામલે ૧૧ આંકનો તફાવત છે. કેમ ભારત ૧૪૨ ક્રમે છે. જ્યારે આતંકવાદીના ગઢ સમાન પાકિસ્તાન ગ્લોબલ પીસ ઈન્ડેક્સમાં ૧૫૩માં ક્રમે છે.

આ રિપોર્ટમાં એ પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે ભારત, અમેરિકા,ચીન,સાઉદી અરબ અને રશિયા સૈન્ય ક્ષેત્રે સૌથી વધુ ખર્ચ કરનાર ટોપ ૫ દેશોમાં સ્થાન પામ્યા ચે.જો કે આ રિપોર્ટમાં આશાસ્પદ દાવો એ કરાયો છે કે છેલ્લા પાંચ વર્ષમાં વૈશ્વિક શાંતિમાં પ્રથમ વખત સુધારો થયો છે.પરંતુ દસ વર્ષ પહેલાની સરખામણીમાં વિશ્વમાં શાંતિ ઓછી છે.




★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

## ભારતે વર્લ્ડકપની પાકિસ્તાન સામેની ક્રિકેટ મેચમાં શાનદાર જીત મેળવી

ભારત પાકિસ્તાન વચ્ચે ક્રિકેટ મેચ રમાવાની હોય તો યુધ્ધ જેવો માહોલ બની જતો હોય છે.ભારતીય ટીમ મેદાન પર ઉતરે તે પહેલા દેશના ક્રિકેટ રસીયાઓમાં જંગ જેવો માહોલ બની જતો હોય છે. ભારત પાકિસ્તાન વચ્ચેની મેચની ટીકીટો માત્ર એકાદ કલાકમાં ચપોચપ વેચાઈ ગઈ હતી. ઈંગ્લેન્ડ માત્ર આ મેચની ટીકીટોના કાળા બજાર થતા હતા. રસીયાઓ ગમે તે કિમતે ટીકીટ હાંસલ કરવા માટે ગમે તેટલા દામ આપવા તૈયાર હતા.

ભારતે સહુ પ્રથમ દાવમાં ઉતારતાં પાકિસ્તાને સહુ પ્રથમથી ભારતને ભીંસમાં લેવાનો પ્રયત્ન કર્યો પરંતુ ભારતીય ઓપનીંગ જોડી રોહિત શર્મા અને રાહુલે સદીની ભાગીદારી કરીને વિજયનો પાયો નાંખ્યો.ત્યાર બાદ બધા ખેલાડીઓ પોતાની નૈસર્ગિક રમત રમીને ભારતનો સ્કોર ત્રણસોની પાર પહોચાડી દીધો.

બીજા દાવમાં પાકિસ્તાનની સારી શરુઆત બાદ કુલદીપ યાદવ અને ચહલે વિકેટો ચટકાવી અને ત્યાર બાદ હાર્દીક પંડ્યાએ અગત્યની બે વિકેટો લેતા પાકિસ્તાનની અડધી ટીમનું પતાન થઈ ગયું. ત્યારે જ પાકિસ્તાનનો વાવટો સંકેલાઈ જશે તેવા સંકેતો મળ્યા. આખરે જેના માટે ભારતીય ક્રિકેટ રસીયાઓ રાહ જોતા હતા તે ધન્ય ઘડી આવી પડી અને પાકિસ્તાનની હાર થઈ.

## પાંચ વર્ષ પહેલાં ૨૯૮ મુસાફરો સાથે ગુમ થયેલા વિમાન તોડી પડાયું હોવાનું રહસ્ય ખુલ્યું

આંતરરાષ્ટ્રીય તપાસકારએ ત્રણ રશિયન અને એક યુક્રેનીયન શકમંદ સામે ધરપકડના આદેશ જારી કર્યા છે.પાંચ વર્ષ પગેલા ૨૦૧૪માં એમએમચ૭ વિમાન તોડી પડાયું હતું. ડચ તપાસકારોએ કહ્યુ હતું કે તેઓ રશિયન નાગરિક ઈગોર ગિરકીન,સર્ગેઈ દુબેન્સ્કી અને આલેગ પુલતોવ અને યુક્રેનિયન લિયોનીડ ખાર્ચેન્કોની સામે ખટલો શરુ કરવા જઈ રહ્યા છે. મલેશિયન એરલાઈન વિમાન ૨૯૮ મુસાફરો સાથે યુક્રેન જઈ રહ્યુ હતું ત્યારે તેને તોડી પાડવામાં આવ્યુ હતું.આ ઘટના રહસ્યમય રહી હતી.ધ હેગની કોર્ટે માર્યા ગયેલા મુસાફરોના પરિવારજનોને આ તપાસ અંગેની જાણકારી આપી હતી. અને તેમા કોણ અપરાધી છે તેની વિગતો એક પ્રેસ કોન્ફરન્સમાં જાહેર કરી છે. કેટલાક તપાસકારોની ટીમે એક વર્ષની તપાસ બાદ એવું જાહેર કર્યુ હતું કે બ્યુક મિસાઈલ વડે બોઈંગ ૭૭૭ વિમાનને તોડી પડાયું હતું. અને આ મિસાઈલ દક્ષિણ પશ્ચિ મ કુસ્ક શહેરના રશિયન મિલિટરી બ્રિગેડમાંથી આવી હતી.ૅ

યુક્રેનના નાયબ વિદેશમંત્રી ઓલેના ઝરકાલે કહ્યુ કે ચાર લોકોને એમએચ૧૭ વિમાનને દુર્ઘટનાના કસુરવાર ઠેરવાયા હતા.અને તેમાં રશિયન આર્મીના સીનીયર ઓફિસરો પણ છે. ઝરકાલે કહ્યુ હતું કે બ્યુક મિસાઈલ એન્ટી એરક્રાફ્ટ મિસાઈલ છે. અને રશિયાની ટોચના નેતાઓની પરવાનગથી જ અપરાધીઓની પાસે તે પહોચી હશે.રશિયાએ પોતાના અધિકારીઓ સામે મુકેલા આરોપોને ફગાવી દીધા છે. અને ફરિયાદ કરી છે કે આંતરરાષ્ટ્રીય તપાસ હોવા છતાં તેને તેમાંથી બાકાત રાખવામાં આવ્યું છે.વિમાન તુટવાની ઘટના અંગેની તપાસ સંયુક્ત તપાસ ટીમે કરી હતી. જેમાં ઓસ્ટ્રેલીયા,બેલ્જીયમ,મલેશિયા,નેધરલેન્ડ અને યુક્રેનના અધિકારીઓ સામેલ હતા.રશિયાએ આ તપાસમાં જોડવાની વિનંતી કરી હતી પણ તે ફગાવી દેવામાં આવી હતી.

## વિશ્વની ટોપ-૧૦૦ યુનીવરસીટીમાં ભારતની એક પણ સામેલ નથી

દેશના શિક્ષણ ક્ષેત્રે નોધપાત્ર સુધારા પછી પણ એક પણ ભારતીય યુનીવરસીટી ટોપ-૧૦૦ વૈશ્વિક યુનીવરસીટીની યાદીમાં સામેલ થઈ શકી નથી.આ જાણકારી ગ્લોબલ હાયર એજ્યુકેશન કન્સલટન્સી ક્વાક્યુરેલી સાઈમન્ડસ(ક્યુએસ) દ્વારા તૈયાર કરાયેલી આ યાદી દ્વારા પ્રાપ્ત થઈ છે. જેમાં આઈઆઈટી-બોમ્બે ૧૫૧માં ક્રમે અને આઈઆઈટી-દિલ્હી ૧૮૨માં ક્રમે રહી છે.ટોચની ભારતીય શિક્ષણ સંસ્થાઓ જેમકે આઈઆઈટી-બોમ્બે, આઈઆઈટી-દિલ્હી અને આઈઆઈએસસી(બેંગલુર) વિશ્વની ટોપ-૨૦૦ યુનીવરસીટીની યાદીમાં સામેલ થઈ શકી છે. જેમા આઈઆઈટી-બોમ્બે સતત બીજા વર્ષે દેશની સૌથી ઉત્તમ યુનીવરસીટી તરીકે ઊભરી આવી છે.અને ૨૦૧૯માં ક્યુએસ વર્લ્ડ યુની. રેન્કીંગમાં ૧૦ ક્રમ ઉપર આવી છે. જ્યારે આ યાદીમાં ૨૩ ભારતીય સંસ્થાઓમાંથી ચાર સંસ્થાએ પોતાની સ્થિતિમાં સુધારો કર્યો છે. જ્યારે સાત સંસ્થાઓએ પોતાનું રેન્કીંગ ગત વર્ષની તુલનામાં ગુમાવ્યું છે.

આ યાદીમાં ઓપી જિંદાલ ગ્લોબલ એક માત્રે એવી ભારતીય સંસ્થા છે કે જેણે આ વર્ષે ક્યુએસ યુની.માં રેન્કીગમાં પ્રવેશ મેળવ્યો છે. વિશ્વભરમાં ટોપ-૧૦૦ યુની.માં માસાયુસેટ્સ ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી(એમઆઈટી) અને સ્ટેનફોર્ડ યુની. તથા હાવર્ડ યુની. પ્રથમ ત્રણ ક્રમે રહી છે.

દિવસે દિવસે ખર્ચાળ શિક્ષણ વ્યવસ્થા વિશ્વસ્તરે નિમ્ન કક્ષાએ છે જે આપણા માટે લાંછન રુપ છે.

## ઇજાગ્રસ્ત શિખર ધવન વર્લ્ડકપમાંથી બહાર તેના સ્થાને રુષભ પંતને ટીમમાં સામેલ કરાયો



ભારતનો આધારભુત ઓપનર શિખર ધવન આખરે વર્લ્ડ કપમાંથી બહાર થઈ ગયો છે. મેડીકલ ટીમે તેની ઈજાની સમીક્ષા કર્યા બાદ નિર્ણય લીધો હતો કે ધવન આ વર્લ્ડ કપની બાકીની મેચો રમી શકશે નહીં.આમ ધવનને સ્થાને દિલ્હીના જ રિશભ પંતને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે.વનડે ક્રિકેટ વર્લ્ડ કપમાં ભારત તેની બીજી મેચ ઓસ્ટ્રેલીયા સામે રમ્યુ હતું જેમાં ધવને શાનદાર સદી મારી હતી.આ રમત દરમિયાન ધવન ઘાયલ થયો હતો. ધવનના અંગુઠા પર ફ્રેકચર થયું હતું. તેને તે સમયે ત્રણેક સપ્તાહના આરામની સલાહ આપવામાં આવી હતી. જો કે એ સમયે તે ટુર્નામેન્ટમાંથી આઉટ થયો ન હતો. પરંતુ બીસીસીઆઈએ તેના કવર તરીકે રિશભ પંતને તાકીદે ઈંગ્લેંડ મોકલી દીધો હતો.જેથી પવન અનફીટ જાહેર થાય તો પંત તાત્કાલિકના ધોરણે ટીમમાં જોડાઈ શકે. વર્લ્ડ કપ રમી રહેલી ટીમના મેનેજર સુનિલ સુબ્રમણ્યમે ધવનના ડાબા હાથના અંગુઠામાં જે ફ્રેકચર થયું છે તેને જુલાઈ માસના મધ્ય સુધી પ્લાસ્ટરમાં રહેવું પડશે. આમ છતાં તે વર્લ્ડકપ રમી શકે તેમ નથી.આમ છતાં અમે આઈસીસીને તેને સ્થાને પંતને ૧૫ ખેલાડીઓની ટીમમાં સામેલ કરી શકાય તેને માટે વિનંતી કરી છે.

ધવને ઓસ્ટ્રેલીયા સામે ઓવેલ ખાતે રમાયેલ વલ્ડ્ કપની મેચમાં ૧૧૭ રન ફટકાર્યા હતા. જે મેચમાં ભારતનો ૩૬ રને વિજય થયો હતો.આ સદી બાદ ધવન ફિલ્ડીંગમાં આવી શક્યો નહોતો.ધવનની ઈજામાં સુધારાની શક્યતા નથી.જો કે ઈજામાં કોઈ હકારાત્મક પરિણામ નહી આવતાં આખરે ધવનને વર્લ્ડકપમાંથી બહાર થઈ જવુ પડયું છે. જો કે ધવનની ઓપનર તરીકેની ખોટ સાલશે પરંતુ ભારતીય ટીમ પાસે બીજા અનેક ખેલાડીઓ છે જે ખોટ પુરી કરશે.

### જાણવા જેવું !

સ્ટેચ્યુ ઓફ લિબર્ટીની પહેલી આંગળી જેને ઈન્ડેક્ષ ફિંગર તરીકે ઓળખવામાં આવે છે તે આઠ ફુટની લંબાઈ ધરાવે છે.

ચીલીમાં આવેલા અટકામાના રણમાં છેલ્લા ચારસો વર્ષથી એક પણ ટીપું વરસાદનું પડ્યું નથી.

વાયોલીન લાકડાના ૭૦ ટુકડાને જોડીને બનાવવામાં આવે છે.

દુનિયાની સૌથી મોટી બેંક, બેંક ઓફ અમેરીકા છે.


કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઔડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે





વિનંતી

તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.

ગ્લોરી કેટરીગ સર્વીસ

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્ક: જહોન એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી,
૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.